# રાહુલની કાર પર પથ્થર ફેંકનાર જયેશની ધરપકડ

## હુમલો કરનાર ભાજપનો જ કાર્યકર નિકળ્યો : પોલીસે જયેશ દરજીની ધરપકડ કરીને આગળની તપાસ હાથ ધરી : ભાજપને લાંછન લગાડતુ કાર્યકરનું કૃત્ય ખુલ્યું



અમદાવાદ, તા.૫

કોંગ્રેસના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી આજે પૂરગ્રસ્ત બનાસકાંઠા જિલ્લાની મુલાકાતે હતા ત્યારે આજે સાંજે ધાનેરા લાલચોક પાસે રાહુલ ગાંધીની કાર પર અચાનક પથ્થર વડે હુમલો કરવાના ચકચારભર્યા પ્રકરણમાં આજે આરોપી જયેશ દરજીની પોલીસે ધરપકડ કરી હતી. જયેશ દરજી નામનો આ યુવક ભાજપનો જ કાર્યકર અને બનાસકાંઠા જિલ્લા ભાજપ યુવા મોરચાનો મહામંત્રી હોવાનું સામે આવ્યું હતું. ભાજપને લાંછન લગાવતું પક્ષના આ કાર્યકરનું કૃત્ય સામે આવતાં ભાજપ માટે ઘણી ક્ષોભજનક સ્થિતિ ઉત્પન્ન થઇ છે તો બીજીબાજુ, કોંગ્રેસે ગઇકાલે આ હુમલો ભાજપના લોકો દ્વારા જ કરાયો હોવાનો જે આરોપ લગાવાયો હતો તે બિલકુલ સાચો ઠર્યો છે. ગઇકાલે બનાસકાંઠાના ધાનેરા પાસે રાહુલ ગાંધીની કાર પર પથ્થરમારાના હુમલાને કારણે રાહુલ ગાંધીની કારના કાચ તૂટી ગયા હતા અને એસપીજી જવાનને હાથમાં ઇજા પહોંચી હતી. કોંગ્રેસના દિગ્ગજ નેતા એહમદ પટેલ, અભિષેક મનુ સિંઘવી સહિતના નેતાઓએ રાહુલ ગાંધી પરના હુમલાને આકરા શબ્દોમાં વખોડી તેને ભાજપનું કાવતરૂં ગણાવ્યું હતું. બીજીબાજુ, રાહુલ ગાંધીની કાર પર હુમલાના બનાવ સંદર્ભે કોંગ્રેસે ધાનેરા પોલીસમથકમાં ચાર આરોપીઓ સામે ફરિયાદ નોંધવામાં આવી હતી.

આ ફરિયાદ અનુસંધાનમાં પોલીસે હાથ ધરેલી તપાસ દરમ્યાન આ સમગ્ર ઘટના પાછળ બનાસકાંઠા ભાજપ યુવા મોરચાના મહામંત્રી એવા જયેશ દરજીની જ સંડોવણી બહાર આવતાં પોલીસે તેની ધરપકડ કરી હતી. રાહુલ ગાંધી પરના હુમલા પાછળ ભાજપનું જ નામ બહાર આવતાં ગઇકાલે કોંગ્રેસના આક્ષેપોનું ખંડન કરતાં ભાજપ માટે શરમજનક અને ક્ષોભજનક સ્થિતિનું નિર્માણ થયું છે.

# ધરણાં પડતા મૂકી સેવાકાર્યમાં લાગી જવાની રાહુલની સૂચના

## કોંગ્રેસના પૂર્વ પ્રમુખ મોઢવાડિયા સહિતના કોંગી કાર્યકરો ધરણાં પર બેઠા હતા : રાહુલગાંધીની ઓફિસમાંથી સૂચના



અમદાવાદ, તા.૫

બનાસકાંઠા જિલ્લાના પૂરગ્રસ્ત વિસ્તારોની મુલાકાતે આવનાર રાહુલ ગાંધીની કાર પર પથ્થરમારાના હુમલામાં મુખ્ય આરોપી એવો બનાસકાંઠા ભાજપ યુવા મોરચાનો મહામંત્રી જયેશ દરજી પકડાઇ જતાં બનાસકાંઠામાં ધરણાં પર બેઠેલા કોંગ્રેસના નેતાઓ અને કાર્યકરોને ધરણાં સમેટી લેવા અને પૂરગ્રસ્તોની સેવા-મદદમાં લાગી જવા રાહુલ ગાંધીની ઓફિસ તરફથી સૂચના અપાઇ હતી. ગઇકાલે રાહુલ ગાંધીની કાર પર પથ્થરમારાના હુમલાના ઘેરા પ્રત્યાઘાત પડયા હતા અને પોલીસે ફરિયાદ નહી નોંધતા કોંગ્રેસના યુવા નેતા સહિતના અગ્રણીઓને સૂત્રોચ્ચાર-દેખાવો કરી ફરિયાદ નોંધવાની ઉગ્ર માંગણી કરવી પડી હતી. જેને પગલે મોડી સાંજે પોલીસે આ સમગ્ર મામલામાં વિધિવત્ ફરિયાદ દાખલ કરી હતી. બીજીબાજુ, રાહુલ ગાંધી પરના હુમલાના પ્રકરણમાં કસૂરવાર આરોપીઓને તાત્કાલિક પકડી સખત નશ્યત કરવાની માંગણી સાથે કોંગ્રેસના પૂર્વ પ્રમુખ અર્જુનભાઇ મોઢવાડિયા સહિતના નેતાઓના નેજા હેઠળ કોંગ્રેસના સંખ્યાબંધ કાર્યકરો બનાસકાંઠામાં જ ગઇકાલથી ધરણાં પર બેસી ગયા હતા. પોલીસની ભારે સમજાવટ છતાં કોંગ્રેસે તેના ધરણાં ચાલુ રાખ્યા હતા અને આરોપીઓને તાત્કાલિક પકડવાની તેમની માંગણી દોહરાવ્યે રાખી હતી. દરમ્યાન પોલીસે આજે રાહુલ ગાંધી પરના હુમલાના પ્રકરણમાં જવાબદાર એવા બનાસકાંઠા ભાજપ યુવા મોરચાના મહામંત્રી જયેશ દરજીની ધરપકડ કરતાં કોંગ્રેસના નેતાઓ અને કાર્યકરોને કંઇક અંશે ન્યાય મળ્યો હતો. એ જ અરસામાં કોંગ્રેસના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીની ઓફિસમાંથી ધરણાં પર બેઠેલા કોંગી નેતાઓ અને કાર્યકરોને સંદેશો અપાયો હતો કે, હવે ધરણાં સમેટી લો અને પૂરગ્રસ્ત લોકોની સેવા અને મદદમાં ખંતપૂર્વક લાગી જાઓ. રાહુલ ગાંધીની ઓફિસમાંથી સૂચના મળ્યા બાદ અર્જુન મોઢવાડિયા સહિતના નેતાઓએ કાર્યકરોને ધરણાં સમેટી લેવા જણાવ્યું હતું. ત્યારબાદ કોંગ્રેસના સેંકડો કાર્યકરો ફરી પાછા બનાસકાંઠાના પૂરગ્રસ્ત વિસ્તારોમાં પૂરપીડિતોની સહાય અને મદદમાં લાગી ગયા હતા.

# કોંગી ધારાસભ્યો કર્ણાટકના રાજયપાલ વજુભાઈને મળ્યા

અમદાવાદ, તા.૫

બેંગ્લુરૂ ખાતે ઈગલટોન રિસોર્ટમાં છેલ્લા એક સપ્તાહથી લઇ જવાયેલા કોંગ્રેસના ધારાસભ્યો આજે કર્ણાટકના રાજયપાલ વજુભાઇ વાળાને મળ્યા હતા. કોંગ્રેસના ધારાસભ્યોએ ગુજરાતના વતની અને

**કોંગ્રેસના ધારાસભ્યો બે દિવસમાં ગુજરાત આવશે : કોંગી ધારાસભ્યોએ વજુભાઇને મળી યોગ્ય રજૂઆત કરી વજુભાઇ અનુભવી નેતા છે અને બધુ જાણે છે : શક્તિસિંહ**

ગુજરાત વિધાનસભામાં સભ્ય તરીકે રહી ચૂકેલા વજુભાઇ વાળાને મળીને તેમની સાથે તાજેતરના ભાજપના તોડફોડ કાંડ વિશે પણ ચર્ચા કરી હતી. રાજયપાલ તરીકે વજુભાઇ વાળાએ કોંગ્રેસના તમામ ધારાસભ્યોને આવકાર આપી સાંભળ્યા હતા. દરમ્યાન કોંગ્રેસના સિનિયર નેતા શકિતસિંહ ગોહિલે કોંગ્રેસના તમામ ધારાસભ્યો બે દિવસમાં ગુજરાત ફરશે તેવો સંકેત આપ્યો હતો.

શકિતસિંહ ગોહિલે વધુમાં જણાવ્યું હતુંકે, વજુભાઇ વાળા ગુજરાત વિધાનસભાના સભ્ય તરીકે રહી ચૂકયા અને પીઢ અનુભવી નેતા છે અને તેઓ બધું જાણે જ છે. તમામ ધારાસભ્યો રાજયપાલ વજુભાઇ વાળાને અંગત રીતે મળ્યા હતા અને તેમને યોગ્ય રજૂઆત કરી હતી. તેમણે ઉમેર્યું કે, તમામ ધારાસભ્યોને બે દિવસમાં પરત ગુજરાત લઇ જવામાં આવશે જો કે, હજુ કોઇ પ્લાન કર્યો નથી. લોકતંત્ર બચાવવાની કોંગ્રેસની લડત અને ભાજપની તોડફોડ અને રૂ.૧૫ કરોડની ઓફર કરી કોંગ્રેસના ધારાસભ્યોને તોડવાની ભાજપની રાજનીતિ અંગે રાજયપાલ વજુભાઇ વાળાનું ધ્યાન દોરવામાં આવ્યું હતું. તેઓ ગુજરાતના જ હોઇ સમગ્ર પરિસ્થિતિથી વાકેફ છે. ભાજપના કેટલાક લોકો ગાલીગલોચની ભાષાનો ઉપયોગ કરે છે અને કોંગ્રેસના




ધારાસભ્યો મોજ કરવા રિસોર્ટમાં આવ્યાના જૂઠ્ઠાણાં ફેલાવી રહ્યા છે પરંતુ ભાજપે એ સમજી લેવું જોઇએ કે, જો મજા જ કરવી હોત તો કોંગ્રેસના ધારાસભ્યોએ રૂ.૧૫ કરોડની ઓફર સ્વીકારી લીધી હોત. પરંતુ કોંગ્રેસના વફાદાર ધારાસભ્યોએ તેમ કર્યું નથી અને પક્ષને વફાદાર રહી લોકતંત્રની રક્ષા કરી છે.

દરમ્યાન કર્ણાટકના ઉર્જામંત્રી ડી.કે.શિવકુમારે જણાવ્યું હતું કે, બેંગ્લુરૂમાં કોંગ્રેસના તમામ ધારાસભ્યો ખુશ છે અને સુરક્ષિત છે. આજે કોંગ્રેસના ધારાસભ્યો રાજયપાલને મળ્યા હતા.

# ભારતીય તહેવારો પર ધીરે ધીરે પશ્ચિમી સંસ્કૃતિનું આક્રમણ

## મોડાસામાં રાખડીના વેચાણ માટે ૩૦ ટકા સેલના પાટીયા : ફ્રેન્ડશીપ બેલ્ટ ચપોચપ વેચાયા

મોડાસા, તા. ૫

ઓગષ્ટના પ્રથમ રવિવારે પશ્ચિમી દેશોમાં 'ફ્રેન્ડશીપ ડે'ની ઉજવણી કરવામાં આવે છે. આ પશ્ચિમી સંસ્કૃતિની વિવિધ ડે ની ઉજવણીનો પગપેસારો ભારતમાં થયા બાદ હાલમાં સમગ્ર દેશમાં ફ્રેન્ડશીપ દિવસની ઉજવણીનો ફિવર જોવા મળી રહ્યો છે. ભાઈ બહેનના પવિત્ર પ્રેમનો તહેવાર એટલે રક્ષાબંધન. ભારતીય સંસ્કૃતિમાં રક્ષાબંધનનું આગવુ મહત્વ રહેલુ છે. ફ્રેન્ડશીપ ડે અને રક્ષાબંધન રવિવારે અને સોમવારે છે ત્યારે અરવલ્લી જિલ્લામાં રક્ષાબંધનના પર્વે કરતા ફ્રેન્ડશીપ ડે ની વધુ મહત્વ હોય તેવો નજારો જોવા મળી રહ્યો છે. જિલ્લાની અને મોડાસાની તમામ દુકાનોમાં ભાઈની રક્ષા માટે બાંધવામાં આવતી રાખડીની ઘરાકીની ભારે મંદી જોવા મળતા ૩૦ ટકા સુધીના ડીસ્કાઉન્ટ આપતા દુકાનોમાં બોર્ડ અને સેલ જોવા મળી રહ્યા છે. બીજી બાજુ ફ્રેન્ડશીપ એકરાર માટે હાથે બંધાતા બેલ્ટ ચપોચપ વેચાઈ રહ્યા છે.

રાખડીઓમાં મોંઘવારીનું ગ્રહણ... ફ્રેન્ડશીપ બેલ્ટના ભાવ વધુ હોવા છતા જિલ્લાના બજારો સહિત મોડાસા શહેરમાં યુવાન હૈયાઓ સહિત બાળકોમાં ધૂમ ખરીદી જોવા મળતા સમગ્ર દેશ સહિત અરવલ્લી જિલ્લામાં પશ્ચિમી સંસ્કૃતિના તહેવારો અને વિવિધ ડે ની ઉજવણી હાવી થતી હોય તેવુ લાગી રહ્યુ છે. થોડાક વર્ષો અગાઉ ફ્રેન્ડશીપ ડે ની ઉજવણી ચુવાધનમાં જ જોવા મળતી હતી પરંતુ ફ્રેન્ડશીપ ડે ની ઉજવણીમાં મહિલાઓ, બાળકો અને વૃદ્ધો પણ ફ્રેન્ડશીપ દિવસની ઉજવણી કરતા જોવા મળી રહ્યા છે. હિન્દુ ધર્મની રક્ષણ કરતી સંસ્થાઓના ધમપછાડા પછી પણ દેશમાં પશ્ચિમી સંસ્કૃતિના તહેવારોની બોલબાલા અને ઉજવણી દિવસે દિવસે ઉત્તરોત્તર વધી રહી છે.

શ્રાવણ માસની પુનમે આવતા આ તહેવારને બળેવ પણ કહેવામાં આવે છે. આ દિવસે બહેન પોતાના વ્હાલા વિરલાના જમણા હાથે રાખડી બાંધતી હોય છે. અને તેની રક્ષા માટે પ્રાર્થના કરતી હોય છે. રક્ષાબંધનને અનુલક્ષીને બજારમાં અવનવી રાખડીઓ જોવા મળી રહી છે. રક્ષાબંધનને આડે હવે બે દિવસો બાકી હોવા છતાં રાખડીઓમાં ઘરાકી જોવા ન મળતા દુકાનદારોએ રાખડીઓ વેચવા સેલના પાટીયા લટકાવાની નોબત આવી છે.

મોડાસાના એક બસસ્ટેન્ડ વિસ્તારના દુકાનદારના જણાવ્યા અનુસાર રાખડીઓ કરતા ફ્રેન્ડશીપ બેલ્ટની ખરીદી યુવાધન, મહિલાઓ અને બાળકો દ્વારા મોટા પ્રમાણમાં જોવા મળી રહી છે.

# વિધાનસભા ચૂંટણીમાં લોક ગઠબંધન મેદાનમાં ઉતરશે

## વધુ એક પક્ષ ચૂંટણીના મેદાનમાં ઉતરશે : ગુજરાત રાજયની તમામ ૧૮૨ વિધાનસભા બેઠકો પરથી ઉમેદવારો ઉભા રાખવાનો પક્ષનો દાવો

અમદાવાદ, તા.૫

ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ભાજપ, કોંગ્રેસ, આપ ઉપરાંત વધુ એક રાજકીય પક્ષ લોક ગઠબંધન પાર્ટી રાજયના રાજકારણમાં ખાસ કરીને વિધાનસભાની ચૂંટણીઓમાં ઝંપલાવશે. રાજયની તમામ ૧૮૨ વિધાનસભા બેઠકો પરથી ઉમેદવારો ઉભા રાખવાનો દાવો કરતાં લોક ગઠબંધન પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ વિજયશંકર પાંડે અને પ્રદેશ અધ્યક્ષ કિર્તીકુમારે દાવો કર્યો હતો.

ગુજરાતમાં ભ્રષ્ટાચાર નાબૂદી, વીજળી, રસ્તા, પાણી, શિક્ષણ, આરોગ્ય અને સ્વાસ્થ્ય, કૃષિ સહિતના મુદ્દાઓને લઇ પક્ષ જનતા સમક્ષ જશે અને ગુજરાતની રાજકીય પરિસ્થિતિમાં એક નવા વિકલ્પ તરીકે તક આપવા તેઓ અનુરોધ કરશે એમ તેમણે ઉમેર્યું હતું. લોક ગઠબંધન પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ વિજયશંકર પાંડે ગુજરાતની મુલાકાતે આવ્યા તે દરમ્યાન તેમણે જણાવ્યું કે, ભાજપ અને કોંગ્રેસના રાજકારણ અને સ્વાર્થી નીતિથી ગુજરાતની પ્રજા ત્રસ્ત બની છે.

# ચુંટણીમાં વધુ સીટોની માંગ સાથે મહેસાણામાં ભુદેવોની શક્તિ રેલી

## આગામી ૨૭ ઓગષ્ટે શક્તિ રેલીનુ આયોજન

ગાંધીનગર તા ૫

આગામી વિધાનસભાની ચુંટણીમાં ૨૦થી વધુ સીટોની માંગ સાથે ગુજરાત બ્રહ્મસમાજ દ્વારા તા ૨૭ઓગષ્ટના રોજ મહેસાણા ખાતે એક શક્તિ રેલીનુ આયોજન કરવામાં આવ્યુ છે. સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજના અશ્વન ત્રિવેદીના જણાંવ્યા મુજબ બ્રહ્મ પડકારના પ્રમુખ શૈલેષભાઇ તેમજ સંયોજક પૃથ્વી ભટ્ટે આ રેલીમાં મોટી સંખ્યામાં ભુદેવોને જોડાવવા માટે જણાંવ્યુ છે. આ રેલીમાં બ્રાહ્મણો બાઇક તેમજ કાર લઇને જોડાશે. ગુજરાત બ્રહ્મસમાજના દિવ્ય ત્રિવેદી મહેસાણા જિલ્લાના કન્વિનર હીતેશ રાવલ,હિરેન ત્રિવેદી શકિત પ્રદર્શન રેલીના સફળ આયોજન માટે જહેમત ઉઠાવી રહયા છે. આ બ્રહ્મશક્તિ રેલીમાં મોટી સંખ્યામાં ભુદેવાને જોડાવવા માટે જણાંવાયુ છે.

### રક્ષા બાંધી શકાશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અને લક્ષ્મીજીની દંતકથા જોડાયેલી છે. જેમાં બલિરાજાની રક્ષા કરી તે મુજબ અન્યની પણ રક્ષા કરે તેવો ભાવ જોડાયેલો છે. જૈન સમુદાયમાં પણ રક્ષા પોટલી બાંધવાનો મહીમા છે. જયારે સંતો અને મહાપુરુષો પણ રાખડી બાંધતા હોય છે.ભાભીના સિમંતમાં પણ નણંદ ગર્ભસ્થ શિશુ તેમજ ગર્ભવતી મહીલાની રક્ષાની પ્રાર્થના સાથે રક્ષા બાંધે છે. અગાઉના સમયમાં ગામના પુરોહીતો રક્ષા બાંધતા હતા. જયારે સમય બદલાતા હવે બહેનો વિશેષ રીતે ભાઈની રક્ષા અને ઉન્નતિની પ્રાર્થના સાથે રક્ષા બાંધે છે. અને માટે જ રક્ષાબંધનનો દિવસ રક્ષાના દિવસ તરીકે ઓળખાય છે. મહારાષ્ટ્રીયન પરિવારોમાં પણ આ પર્વનુ વિશેષ મહત્વ હોય છે. રક્ષાબંધન પર્વને નાળિયેરી પુનમ તરીકે પણ ઉજવવામાં આવે છે. મહારાષ્ટ્રીયન પરિવારો આ દિવસે સમુદ્રને શ્રીફળ અર્પણ કરીને સમુદ્ર પુજન કરે છે. જેમાં સમુદ્ર સાથે જોડાયેલા વેપારીઓ અને વહાણવટાનો પણ સમાવેશ થાય છે. સંગીતકારો પણ આ દિવસે પોતાના શિષ્યને ગાંઠ બાંધતા હોય છે. રક્ષાબંધનના દિવસે આ વખતે ગ્રહણ હોવાથી રાખડી બાંધવાનુ મુહુર્ત સવારે ૧૧ થી રાત્રિના ૯ વાગ્યા સુધીનુ છે. જયારે જનોઇ બદલી શકાય તેમ નથી. તેમ પણ તેમણે જણાંવ્યુ છે. જેમણે પાંચમના દિવસે જનોઇ બદલી ન હોય તેમણે આગામી ભાદરવા સુદ પુનમના દિવસે જનોઇ બદલી શકે છે. રક્ષાબંધનના પર્વને અનુલક્ષી શહેરીજન જીવનમાં ધમધમાટ જોવા મળી રહયો છે.

### ખદબદતી ગંદકી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ખાદ્યસામગ્રીની ગુણવત્તા સામે પણ પ્રશ્નાર્થ સર્જાયો છે. જયારે આ વિસ્તારમાં જાહેર શૌચાલયમાં પણ છેલ્લા ઘણાં સમયથી પાણી ન આવતા શૌચાલય જ ગંદકીનુ ઉદભવ સ્થાન બન્યુ છે.

શહેરને કચરો હટાવી નિર્મળ બનાવાની વાત તો દુર પણ સેકટરમાં કેટલાક ઠેકાણે સ્વચ્છતાના મુદ્દે છેવાડાના ગામથી પણ ખરાબ સ્થિતિ છે. સેકટરોમાં જાહેર સ્થળો ગંદકીથી ખદબદી રહયા છે. જેના લીધે સેકટરવાસીઓના માથે રોગચાળાનો ખતરો બમણાયો છે. ભારે વરસાદના લીધે ઠેર ઠેર કાદવ કિચ્ચડની સ્થિતિ બાદ હજુ પણ ખાબોચિયા ભરેલા જોવા મળી રહયા છે. જયારે પાણીના નિકાલના અભાવ વચ્ચે ગંદકી પણ ખદબદતી હોવાથી સ્થાનિકો ગુંગળામણ અનુભવી રહયા છે. પાણીના ભરાવાના લીધે મચ્છર ઉત્તપત્તિ સ્થાનો વધ્યા છે. ત્યારે ઘ- ૨ વિસ્તારમાં પેટ્રોલ પંપ સામે અપનાબજારની નજીક જ ગંદકી હઠીલી બની છે. જેના લીધે આસપાસ ખાણીપીણીના સ્ટોલ પર વેચાતી ખાદ્યસામગ્રીની ગુણવત્તા સામે પણ પ્રશ્નાર્થ મંડરાયો છે.અલબત્ત ગંદકીના લીધે જનઆરોગ્ય સામે ખતરો મંડરાયો છે. નજીકમાં સ્થિત જાહેર શૌચાલય પણ પાણી વગરનુ છે. પાણી ન આવતા શૌચાલય જ ગંદકીનુ ઉદભવ સ્થાન બન્યુ છે. આવી સ્થિતિમાં સ્થાનિકોના આરોગ્ય સામે ખતરો મંડરાયો છે. કોર્પોરેશન કક્ષાએ યોગ્ય પગલા લેવાય તેવી પ્રબળ માંગ પણ સ્થાનિકોમાં ઉઠવા પામી છે.

### મેયર નારાજ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ પત્રમાં છેલ્લા ૪ વર્ષ દરમ્યાન મનપા દ્વારા ફાળવવામાં આવેલ ૨૬ કરોડ જેટલી જંગી રમકની ફાળવણી મનપા દ્વારા કરવામાં આવી છે તેનો ઉલ્લેખ પણ કરેલ છે.

તેમણે આ પત્રમાં રસ્તા ઉપરની ગ્રીટ તેમજ ડામર નીકળી ગયેલ છે તેમજ રસ્તાઓમાં ખાડા પડી ગયેલ છે તેથી વાહન-ચાલકોને પારાવાર મુશ્કેલી પડી રહી હોવાનું જણાવ્યુ છે. પટેલે તેમના આ પત્રમાં ડસ્ટ જે રોડ ઉપર ઉડી રહી છે તેનાથી પર્યાવરણીય નુકશાન થઈ રહ્યાનો પણ ઉલ્લેખ આ પત્રમાં કર્યો છે.

ગાંધીનગર શહેર એ રાજ્યનું પાટનગર હોઈ અહિ રસ્તાઓની મરામત અને જાળવણીમાં તંત્રના ઉદાસીન વલણને લઈ મેયરે પ્રથમવાર નારાજગી વ્યક્ત કરતાં તંત્રમાં સન્નાટો વ્યાપી જવા પામેલ છે.

### નાયડુ વિજયી

● અનુસંધાન પહેલાનું ચાલુ

સવારે ૧૦ વાગે મતદાનની પ્રક્રિયા શરૂ થયા બાદ ચારેબાજુ ઉત્સાહ દેખાઈ રહ્યો હતો. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઉપરાંત તેમના પ્રધાનમંડળના સભ્યો, વિપક્ષી નેતાઓ પણ મતદાનમાં ભાગ લીધો હતો જેમાં કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધી, ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીનો પણ સમાવેશ થાય છે. સહાયક ચૂંટણી અધિકારી મુકુલ પાંડેએ સંસદ ભવનમાં પત્રકારો સાથે વાતચીત કરતા કહ્યું હતું કે, મતદાનની પ્રક્રિયા શરૂ થયા બાદ બપોર સુધીમાં ઉંચુ મતદાન થઇ ગયું હતું. વેંકૈયા નાયડુ પોતે મતદાનમાં ભાગ લેવા માટે સવારે ૯.૩૦ વાગે ઘરેથી નિકળ્યા હતા અને ૧૦ વાગે મતદાનમાં ભાગ લીધો હતો.

ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી માટે મતદાન શરૂ થયા બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ મતદાન કરવા માટે પહોંચ્યા હતા. મોદીએ સવારે મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. ઉપરાષ્ટ્રપતિની ચૂંટણીમાં લોકસભા અને રાજ્યસભા બન્નેના તમામ સાંસદો મતદાન કરે છે. તેમની સંખ્યા ૭૯૦ છે. ઉપરાષ્ટ્રપતિની ચૂંટણીના સમીકરણની વાત કરવામાં આવે તો આંકડા પર વધારે નજર રાખવામાં આવે છે. રાજ્યસભામાં ભાજપના સૌથી વધારે ૫૮ સાંસદો છે. જ્યારે દેશની મુખ્ય વિપક્ષી પાર્ટીના ૫૭ સાંસદો છે. ભાજપના નેતૃત્વમાં એનડીએની પાસે લોકસભામાં ૩૪૦ અને રાજ્યસભામાં ૮૫ સાંસદ છે. એટલે કે કુલ ૪૨૫ સાંસદ છે. વર્તમાનમાં લોકસભામાં બે અને રાજ્યસભામાં એક સીટ ખાલી છે. બીજી બાજુ લોકસભાના સભ્ય છેદી પાસવાન ન્યાયિક ચુકાદાના કારણે મતદાન કરવાથી અયોગ્ય રહ્યા છે.

### ચીમનની તૈયારી

● અનુસંધાન પહેલાનું ચાલુ

આ મામલાને શાંતિપૂર્ણ રીતે ઉકેલી દેવા વિદેશ પ્રધાન સુષ્મા સ્વરાજે હાલમાં કહ્યુ હતુ કે બન્ને દેશોને પહેલા પોત પોતાની સેનાને વિવાદાસ્પદ વિસ્તારમાંથી દુર કરવી જોઇએ. ત્યારબાદથી કોઇ વાતચીત થઇ શકે છે. સુષ્મા સ્વરાજે કહ્યુ હતુ કે જંગથી કોઇ પણ વિવાદનો ઉકેલ આવશે નહી. વિદેશ પ્રધાને ધૈર્ય રાખવાની વાત કરતા કહ્યુ છે કે ચીનની સાથે જારી વિવાદને ઉકેલવા માટે પ્રયાસ જારી છે. શુક્રવારના દિવસે વિદેશ મંત્રાલયના પ્રવકતા ગોપાલ વાગલેએ કહ્યુ હતુ કે ડોકલામ મુદ્દા પર ભારત અને ભુટાન એકબીજાના સંપર્કમાં છે. ભારત ભલે શાંતિ જાળવી રાખવાની વાત કરે છે પરંતુ ચીની મિડિયા દ્વારા ઉશ્કેરણીજનક લેખ પ્રકાશિત કરવામાં આવી રહ્યા છે. ભારતમાં વારંવાર જંગ માટે ચેતવણી આપવામાં આવી રહી છે. આજના લેટમાં પણ ચેતવણી ઉચ્ચારવામાં આવી છે. ચીન તરફથી તિબેટમાં કરવામાં આવેલા લશ્કરી અભ્યાસનો ઉલ્લેખ કરવામાં આવી રહ્યો છે. લેટમાં જણાવવામાં આવ્યું છે કે, ભારતે હાલના વર્ષોમાં ચીનને લઇને ઉદાસીન રણનીતિ અપનાવી છે. તેના વિકાસની ગતિ ચીનની ગતિ જેવી રહી નથી. ભારત આ વિસ્તારમાં માત્ર વિવાદ ઇચ્છે છે. જે હકીકતમાં કોઇ વિવાદ નથી. ઇરાદો ચીન સાથે સોદાબાજી કરવા માટેનો રહેલો છે. ભારતની સામે નાના લશ્કરી ઓપરેશનના સંદર્ભમાં વિચારણા ચીન દ્વારા કરાઈ રહી છે.

### ટ્રેઈન કર્યો હતો...

● બીજા પાનાનું ચાલુ

અમદાવાદ ચેમ્બર ઓફ કોમર્સનું આઈકાર્ડ મળી આવતા મહત્વના પુરાવારૂપે તેને રીકવર કરવામાં આવ્યું છે. પુછપરછમાં જાણવા મળ્યુ હતુ કે ફોન કરવા માટે એક અલગથી માણસ રાખવામાં આવ્યો હતો. જેને નવીન શાહ સાથે કેવી રીતે વાતચીત કરવી તેની ટ્રેનીંગ આપવામાં આવી હતી. સોલાભાગવત પાસે સુરમ્ય ગ્રીન્સમાં રહેતા બંકીમચંદ્ર નરોત્તમભાઈ પટેલ નામના આ શખ્સની ગઈકાલે એલસીબીએ ધરપકડ કરી કોર્ટમાં રજુ કરતાં વધુ પુછપરછ માટે કોર્ટે ૧૦ દિવસના રિમાન્ડ મંજુર કર્યા છે. તો બીજી તરફ હજુ બે જેટલા આરોપીઓ નાસતા ફરે છે. તેની શોધખોળ શરૂ કરવામાં આવી છે.

### રઝળપાટ

● ૪ પાનાનું ચાલુ...

રાખવા કે એમાં વૃદ્ધિ કરવી કઠીન છે બિલકુલ એવી જ રીતે દોસ્તી બનાવવી આસન છે પણ એને ટકાવી, સાચવવી કે મહેકતી રાખવી અઘરું કામ છે...' સંસ્કૃતમાં એક સરસ શુભાષિત છે જેનો અર્થ આવો કૈક થાય છે '' સંપતી મિત્રો મેળવી આપે છે અને વિપત્તિ મિત્રોની પરીક્ષા કરે છે '' વાત સો ટકા સાચી છે પણ વ્યવહારુ નથી. 'મહાભારત' માં 'દ્રોણપર્વ' માં કહેવાયું છે કે ''સૈન્યનો નાશ થઇ જાય છતાંય, જો સાથ આપે એ જ મિત્ર છે. જ્યાં કોઈ અપેક્ષા ના હોઇ, આશા ન હોઇ છતાંય સાથ-સહકાર આપતો હોય, ખડા પગે હાજરા—હજુર રહે એ તો મિત્રતા છે'' માણસને જિંદગીમાં એક જ સાચો મિત્ર મળે તો તે તેનું મોટું સદ્?ભાગ્ય કહેવાય. જો કે દરેકને આવું સદ્?ભાગ્ય ના મળે તેમ પણ બને તો એવી સ્થિતિ માટે મહાત્મા એમર્સન કહે છે તેમ 'તમે સાચો મિત્ર ના મેળવી શક્તો તો તેને દુર્ભાગ્ય ગણવાને બદલે તમે જાતે જ કોઈકના સાચા મિત્ર બનો ! તમે જ્યારે એક સાચા મિત્ર બનો છો ત્યારે તમને વહેલી કે મોડી સાચી મિત્રતા પ્રાપ્ત થયા વગર રહેતી નથી.' આપણી ગુજરાતીમાં પણ કહેવાયું જ છે ને કે 'મિત્રતા પામતા પહેલા મિત્ર બનતા શીખો' દોસ્તી દિવસની શુભકામનાઓ...!

વિસામો :

'કોણ હલાવે લીંબડી ને કોણ ઝુલાવે પીપળી,ભાઈની બેની લાડકીને ભઈલો ઝુલાવે ડાળખીપ'' રક્ષાબંધનની આગોતરી શુભેચ્છાઓ...!'